Advertisement No.HCG/NTA/01/2024/[II]3

# હાઈકોર્ટ ઓફ ગુજરાત

## સોલા, અમદાવાદ – ૩૮૦ ૦૬૦.

વેબ સાઈટ્સ: **hc–ojas.gujarat.gov.in** તથા **gujarathighcourt.nic.in**

## જાહેરાત ક્રમાંક: HCG/NTA/01/2024/[II]3

**ગુજરાત રાજ્યના જિલ્લા ન્યાયાલયોમાં તથા ઔદ્યોગિક ન્યાયાલયો અને મજૂર ન્યાયાલયોમાં 'પ્રોસેસ સર્વર/બેલીફ (વર્ગ–૩)'ની ભરતી**

**અંદાજીત અગત્યની તારીખો:**
**આ માટે તમામ ઉમેદવારોએ ઈન્ફોર્મેશન બુલેટીન જોવાનું રહેશે**

ઓનલાઈન અરજી ઉપરાંત ભરતી પ્રક્રિયાને સબંધિત તમામ પ્રકારની માહિતી જેવી કે ઉમેદવાર માટેની સૂચનાઓ, કોલલેટર ડાઉનલોડ કરવા સબંધિત સૂચના, નોટીસ, પરીક્ષાના કાર્યક્રમ, પરિણામ, પસંદગી યાદી વિગેરે માટે ઉમેદવારે **હાઈકોર્ટ ખાતે ફોન ન કરતાં, ઉપર દર્શાવેલ વેબસાઈટ સમયાંતરે જોતા રહેવું.**

ગુજરાત હાઈકોર્ટ દ્વારા **(A)** ગુજરાત રાજ્યના જિલ્લા ન્યાયાલયો હસ્તકની 'પ્રોસેસ સર્વર/બેલીફ' ની **કુલ–૧૯૮** જગ્યાઓ તથા **(B)** ગુજરાત રાજ્યના ઔદ્યોગિક ન્યાયાલયો અને મજૂર ન્યાયાલયો હસ્તકની 'બેલીફ / પ્રોસેસ સર્વર'ની સીધી ભરતીની **કુલ–૧૨** જગ્યાઓ સ્પર્ધાત્મક પરીક્ષાના માધ્યમથી ભરવા માટે લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી 'ઓનલાઈન અરજીઓ' મંગાવવામાં આવે છે, જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે:

## ૧. (ક) <u>કક્ષા / કેટેગરી મુજબ જગ્યાઓ :</u>

**(A) ગુજરાત રાજ્યના જિલ્લા ન્યાયાલયો હસ્તકની 'પ્રોસેસ સર્વર/બેલીફ' ની કુલ–૧૯૮ જગ્યાઓ**

| કુલ જગ્યા | કક્ષા/કેટેગરી | | | | | સ્ત્રીઓ માટે અનામત જગ્યાઓ (કક્ષા/કેટેગરી દીઠ જગ્યાઓપૈકી) | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Gen | SC | ST | SEBC | EWS | Gen | SC | ST | SEBC | EWS | Differently Abled | Ex-Service men |
| ૧૯૮ | ૧૧૪ | ૧૦ | ૨૦ | ૩૯ | ૧૫ | ૨૯ | ૦ | ૦૫ | ૧૦ | ૦ | ૫ | ૧૩ |

નોંધ: ઉપરોક્ત દર્શાવેલ ૧૯૮ જગ્યાઓની જિલ્લાદીઠ જુદા–જુદા સંવર્ગમાં ખાલી જગ્યાની સંખ્યા દર્શાવતું પત્રક <u>એનેક્ષર–'એ'</u> માં સામેલ છે.

**(B) ગુજરાત રાજ્યના ઔદ્યોગિક ન્યાયાલયો અને મજૂર ન્યાયાલયો હસ્તકની 'બેલીફ / પ્રોસેસ સર્વર'ની કુલ–૧૨ જગ્યાઓ**

| કુલ જગ્યા | કક્ષા/કેટેગરી | | | | | સ્ત્રીઓ માટે અનામત જગ્યાઓ (કક્ષા/કેટેગરી દીઠ જગ્યાઓપૈકી) | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Gen | SC | ST | SEBC | EWS | Gen | SC | ST | SEBC | EWS | Differently Abled | Ex-Service men |
| ૧૨ | ૮ | ૦ | ૧ | ૨ | ૧ | ૩ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૧ |

(૧) ઉપરોક્ત જગ્યાની નિયત **સંખ્યામાં ફેરફાર કરવાનો** અબાધિત અધિકાર નામદાર હાઇકોર્ટને રહેશે.

(૨) **ડિફ્રન્ટલી એબલ્ડ (DA) માટેની સૂચના:–**

ડિફ્રન્ટલી એબલ્ડ ઉમેદવારના કિસ્સામાં પ્રોસેસ સર્વર/બેલીફ ની ફરજ/કામગીરીનો પ્રકાર જોતા માત્ર '**લોકોમોટોર ડીસેબીલીટી (૪૦% થી ઓછી નહી તેવા)**' ધરાવતા ઉમેદવારો જ અરજી કરી શકશે.

(૩) ગુજરાત રાજ્યના ઔદ્યોગિક ન્યાયાલયો અને મજૂર ન્યાયાલયો માટે અનુ.જાતિ (SC) વર્ગની કેટેગરીમાં જગ્યા ન હોઈ, જો કોઈ SC ઉમેદવાર અરજી કરતી વખતે "**ઔદ્યોગિક ન્યાયાલયો અને મજૂર ન્યાયાલયો**" વિકલ્પની પસંદગી કરશે તો, તેવા સંજોગોમાં તે ઉમેદવારને સામાન્ય (જનરલ) કેટેગરીના ધારાધોરણો લાગુ પડશે.

**(ખ) પે મેટ્રિક્ષ :– રૂ.૧૯,૯૦૦–૬૩,૨૦૦/–**

## ૨. અનામત:

**(ક)** અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC), આર્થિક રીતે નબળાં વર્ગ (EWS), મહિલા ઉમેદવારો, ડિફ્રન્ટલી એબલ્ડ (DA) તેમજ માજી સૈનિક (Ex–Servicemen) ઉમેદવારોના કિસ્સામાં અનામત અંગે સરકારના પ્રવર્તમાન નિયમો / હુકમો / જોગવાઇઓ / નીતિઓ લાગુ પડશે.

**(ખ)** ગુજરાત રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ અનુસુચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે નબળાં વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે.

## ૩. યોગ્યતા / લાયકાત અંગેના ધોરણો:

**(ક) જરૂરી લાયકાત:** (ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ)

(૧) સરકાર માન્ય બોર્ડમાંથી ધોરણ–૧૨ કે તેને સમકક્ષ સરકાર માન્ય પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ.

(૨) ઉમેદવાર સાયકલ કે માન્ય ડ્રાઇવિંગ લાયસન્સ સાથે દ્વીચક્રી વાહન ચલાવવાનું જ્ઞાન ધરાવતાં હોવા જોઇએ.

(૩) ઉમેદવાર સરકાર દ્વારા નિર્ધારિત કોમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન ધરાવતાં હોવા જોઇએ.

(૪) ઉમેદવારને ગુજરાતી અને / અથવા હિન્દી ભાષાનુ પુરતું જ્ઞાન હોવુ જોઇએ.

**(ખ) વયમર્યાદા –** (ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ)

| ન્યુનતમ વયમર્યાદા | મહત્તમ વયમર્યાદા |
|---|---|
| ૧૮ વર્ષથી ઓછી ન હોવી જોઇએ | ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ. |

**(ગ) વયમર્યાદામાં છૂટછાટ –**

(૧) અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC), આર્થિક રીતે નબળાં વર્ગ (EWS), મહિલા ઉમેદવારો, ડિફ્રન્ટલી એબલ્ડ (DA) તેમજ માજી સૈનિક (Ex–Servicemen) ના કિસ્સામાં સરકારના પ્રવર્તમાન નિયમો / હુકમો / જોગવાઇઓ / નીતિઓ અનુસાર નીચે મુજબ છૂટછાટ મળવાપાત્ર રહેશે.

| કક્ષા/કેટેગરી | છૂટછાટ | માજી સૈનિક | રાજ્ય સરકારના કર્મચારીઓ માટે |
|---|---|---|---|
| સામાન્ય | – | લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત ૦૩ વર્ષ | રાજ્ય સરકારના કર્મચારીઓ માટે નીચે (ગ) (૨) માં સૂચવ્યાનુસાર છૂટછાટ મળવાપાત્ર રહેશે. |
| અ.જા.*/અ.જ.જા./સા.શૈ.પ.વ./આ.ન.વ. ઉમેદવારો માટે | ૫ વર્ષ | | |
| મહિલા ઉમેદવારો | ૫ વર્ષ | | |
| ડિફ્રન્ટલી એબલ્ડ | ૧૦ વર્ષ | | |

* **અગત્યની નોંધ :** ગુજરાત રાજ્યના ઔદ્યોગિક ન્યાયાલયો અને મજૂર ન્યાયાલયો માટે અનુ.જાતિ (SC) વર્ગની કેટેગરીમાં જગ્યા ન હોઈ, જો કોઈ SC ઉમેદવાર અરજી કરતી વખતે "**ઔદ્યોગિક ન્યાયાલયો અને મજૂર ન્યાયાલયો**" વિકલ્પની પસંદગી કરશે તો, તેવા સંજોગોમાં તે ઉમેદવારને સામાન્ય (જનરલ) કેટેગરીના ધારાધોરણો લાગુ પડશે.

(૨) રાજ્ય સરકારના કર્મચારીઓને ઉપલી વયમર્યાદામાં નીચે મુજબ છૂટછાટ મળવાપાત્ર રહેશે :

**"અનામત તેમજ બિનઅનામત બન્ને વર્ગના ઉમેદવારોને લાગુ પડતી ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ ૫ વર્ષ અથવા નોકરીનો ખરેખર પૂરો કરેલ સમયગાળો બન્નેમાંથી જે ઓછુ હોય તેટલા સમયગાળાની છૂટછાટ ઉપલી વયમર્યાદામાં આપવામાં આવશે."**

દા.ત. કોઈ ઉમેદવારે નોકરીમાં ૪ વર્ષ પુરા કરેલ હોય તો તેને લાગુ પડતી ઉપલી વયમર્યાદામાં ૪ વર્ષની છૂટછાટ આપવામાં આવશે. પરંતુ જો કોઈ ઉમેદવારે નોકરીમાં ૬ વર્ષ પુરા કરેલ હોય તો તેને લાગુ પડતી ઉપલી વયમર્યાદામાં મહત્તમ ૫ વર્ષની છુટછાટ આપવામાં આવશે, એટલે કે વધુમાં વધુ ૫ વર્ષની છુટછાટ આપવામાં આવશે.

નોંધ: (અ) **સામાન્ય વહીવટી વિભાગ (ગુજરાત સરકાર)ના ઠરાવ ક્રમાંક સીઆરઆર/૧૧/૨૦૨૧/૪૫૦૯૦૦/ગ.૫, તારીખ ૨૯/૦૯/૨૦૨૨ ને ધ્યાનમાં રાખીને, આ ભરતી પ્રક્રિયામાં ઉપલી વય-મર્યાદામાં હાઈકોર્ટ દ્વારા 01 વર્ષની છૂટછાટ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.**

(બ) **ઉંમરમાં છૂટછાટ મેળવવા માટે લાગુ પડતી તમામ પ્રકારની છૂટછાટનો લાભ મેળવ્યા બાદ, ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ કોઈપણ ઉમેદવારની વય ૪૫ વર્ષથી વધુ હોવી ન જોઈએ.**

## ૪. પરીક્ષા ફી અને ફી ભરવાની રીતઃ

(૧) ઉમેદવારે એપ્લિકેશન પોર્ટલ પર ઉપલબ્ધ પેમેન્ટ ઓપ્શન દ્વારા નીચે મુજબ પરીક્ષા ફી ચૂકવવાની રહેશે.

| સામાન્ય ઉમેદવારો માટે | અ.જા./અ.જ.જા./સા.શૈ.પ.વ./આ.ન.વ./માજી સૈનિક/ડિફ્રન્ટલી એબલ્ડ ઉમેદવારો માટે |
|---|---|
| રૂા.૧,૫૦૦/- + બેંક ચાર્જીસ | રૂા.૭૫૦/- + બેંક ચાર્જીસ |

(૨) ઉમેદવારે કરેલ 'ઓનલાઈન અરજી' ફકત ત્યારે જ માન્ય ગણાશે કે જયારે ઉમેદવારે નિયત સમયગાળા દરમિયાન જરૂરી ફી ભરેલ હશે.

(૩) ઓનલાઈન અરજી કરવાના નિયત કરેલ સમયગાળા દરમ્યાન પરીક્ષા ફી ઓનલાઈન માધ્યમથી ભરી શકાશે.

(૪) આ સિવાય અન્ય કોઈ માધ્યમથી ભરેલ ફી માન્ય/સ્વિકાર કરવામાં આવશે નહીં. એક વખત ભરેલ ફી કોઈપણ સંજોગોમાં પરત પણ કરવામાં આવશે નહીં તેમજ અન્ય કોઈ જગ્યા/ભરતી માટે ભરેલ ફી તરીકે પણ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૫) પરીક્ષા ફી બાબતે કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર/ટેલીફોન હાઈકોર્ટ ખાતે કરવા નહીં.

(૬) ઉમેદવારે સૌપ્રથમ વિગતવાર જાહેરાતનો અભ્યાસ કરી લેવો અને જો યોગ્યતા ધરાવતા હોય તો જ સૂચવ્યાનુસાર ફી ભરવી.

(૭) તદ્ઉપરાંત, દરેક ઉમેદવારે **Information Bulletin** માં દર્શાવેલ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

## ૫. સ્પર્ધાત્મક પરીક્ષાનું માળખુ :

| ક્રમાંક | પરીક્ષાની વિગત | ગુણ ભાર | સમયગાળો |
|---|---|---|---|
| (ક) | હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા (એલીમીનેશન ટેસ્ટ) | ૧૦૦ ગુણ | ૯૦ મિનિટ |
| (ખ) | મુખ્ય લેખિત પરીક્ષા (વર્ણનાત્મક પ્રકારની) | ૧૦૦ ગુણ | ૦૩ કલાક |

### (ક) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષાઃ

(૧) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા (એલીમીનેશન ટેસ્ટ) કુલ **૧૦૦ ગુણની** રહેશે.
(૨) પ્રશ્નપત્રની ભાષા **ગુજરાતી** રહેશે.
(૩) દરેક ખોટા ઉત્તરદીઠ અથવા એકથી વધારે ઉત્તર પસંદ કરવા બદલ **૦.૩૩ નકારાત્મક ગુણ** રહેશે.
(૪) પરીક્ષાનો સમયગાળો ૦૧ કલાક અને ૩૦ મિનિટ **(કુલ ૯૦ મિનિટ)** નો રહેશે.
(૫) અભ્યાસક્રમ નીચે મુજબ રહેશે.

| ક્રમ | વિષય |
|---|---|
| ૧ | ગુજરાતી ભાષા |
| ૨ | સામાન્ય જ્ઞાન |
| ૩ | ગણિત |
| ૪ | રમતગમત |
| ૫ | રોજબરોજની ઘટનાઓ |
| ૬ | કોમ્પ્યુટરનુ પાયાનુ જ્ઞાન |

(૬) ભરતી પ્રક્રિયાના અગામી તબક્કા માટે હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા (એલીમીનેશન ટેસ્ટ) માં **તમામ વર્ગના ઉમેદવારોએ ઓછામાં ઓછા ૫૦ ગુણ** મેળવવાના રહેશે.

(૭) જો હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા (એલીમીનેશન ટેસ્ટ) માં ખૂબ જ વધુ સંખ્યામાં ઉમેદવારો ઉત્તીર્ણ થશે તો, નામદાર હાઈકોર્ટ દ્વારા નિયત કરવામાં આવે તે પ્રમાણે મેરીટના આધારે મર્યાદિત સંખ્યામાં ઉમેદવારોને ભરતી પ્રક્રિયાના આગામી તબક્કા એટલે કે મુખ્ય લેખિત પરીક્ષા (વર્ણનાત્મક પ્રકારની) માટે યોગ્ય / લાયક ગણવામાં આવશે.

(૮) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા (એલીમીનેશન ટેસ્ટ) માં મેળવેલ ગુણને 'પસંદગી યાદી / કેન્દ્રીકૃત પ્રતિક્ષા યાદી' તૈયાર કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

(૯) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા (એલીમીનેશન ટેસ્ટ) અમદાવાદ ખાતે લેવી કે અન્ય જિલ્લા કક્ષાએ લેવી તે ઉમેદવારોની સંખ્યાને આધારે નક્કી કરવામાં આવશે.

(૧૦) હાઈકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવે તે સ્થળે અને સમયે હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા (એલીમીનેશન ટેસ્ટ) માટે હાજર રહેવા, જે તે ઉમેદવારે સ્વખર્ચે આવવા-જવાનું રહેશે.

(૧૧) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા **'ઓ.એમ.આર. (OMR)'** દ્વારા અથવા હાઈકોર્ટ દ્વારા નક્કી કરાયેલ અન્ય કોઈપણ માધ્યમથી લેવામાં આવશે. કોઈપણ સંજોગોમાં હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષાની જવાબવહી/ઉત્તરવહીના **રીચેકીંગ/રીએસેસમેન્ટ /ફરીથી મૂલ્યાંકન** અંગેની કોઈપણ પ્રકારની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં, જેની દરેક ઉમેદવારે નોંધ લેવી.

(ખ) **મુખ્ય લેખિત પરીક્ષા (વર્ણનાત્મક પ્રકારની) :**

(૧) લેખિત પરીક્ષા **કુલ ૧૦૦ ગુણ**ની તથા **સમયગાળો ૦૩ કલાક** રહેશે.

(૨) પ્રશ્નપત્રની ભાષા **ગુજરાતી** રહેશે.

(૩) **અભ્યાસક્રમ** નીચે મુજબ રહેશે :

| ક્રમ | વિષય |
|---|---|
| ૧ | ફકરા ઉપરથી પ્રશ્નોનાં જવાબ |
| ૨ | એક વાક્યમાં પ્રશ્નોનાં જવાબ |
| ૩ | અહેવાલ લેખન |
| ૪ | પત્ર લેખન |
| ૫ | નિબંધ લેખન |
| ૬ | ટૂંકનોંધ |

(૪) પસંદગી યાદીમાં સ્થાન મેળવવા માટે મુખ્ય લેખિત પરીક્ષા (વર્ણનાત્મક પ્રકારની) માં અનુસૂચિત જાતિ (SC)*, અનુસૂચિત જનજાતિ (ST), સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC), આર્થિક રીતે નબળાં વર્ગ (EWS) જેવી અનામત કક્ષા તેમજ ડિફ્રન્ટલી એબલ્ડ (ફક્ત ઓર્થોપેડીકલી) (DA) અને માજી સૈનિક (Ex–Servicemen) હેઠળ આવતા ઉમેદવારોએ ઓછામાં ઓછા **૪૫ ગુણ** અને બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ ઓછામાં ઓછા **૫૦ ગુણ** મેળવવાના રહેશે.

*** અગત્યની નોંધ :** ગુજરાત રાજ્યના ઔદ્યોગિક ન્યાયાલયો અને મજૂર ન્યાયાલયો માટે અનુ.જાતિ (SC) વર્ગની કેટેગરીમાં જગ્યા ન હોઈ, જો કોઈ SC ઉમેદવાર અરજી કરતી વખતે **"ઔદ્યોગિક ન્યાયાલયો અને મજૂર ન્યાયાલયો"** વિકલ્પની પસંદગી કરશે તો, તેવા સંજોગોમાં તે ઉમેદવારને સામાન્ય (જનરલ) કેટેગરીના ધારાધોરણો લાગુ પડશે.

## ૬. પસંદગી યાદી અને કેન્દ્રીયકૃત પ્રતિક્ષા યાદી:

(૧) **પસંદગી યાદી અને કેન્દ્રીયકૃત પ્રતિક્ષા યાદી ઉપર જણાવેલ હાઈકોર્ટ વેબસાઈટ** ઉપર મુકવામાં આવશે અથવા હાઈકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવે તેવા અન્ય કોઈ માધ્યમથી જાહેર કરવામાં આવશે.

(૨) પસંદગી યાદી અને કેન્દ્રીયકૃત પ્રતિક્ષા યાદી ઉમેદવારે મુખ્ય લેખિત પરીક્ષા (વર્ણનાત્મક પ્રકારની) માં મેળવેલ ગુણને ધ્યાને લઈ, **મેરીટને આધારે** તૈયાર કરવામાં આવશે.

(૩) ઉમેદવાર પરીક્ષામાં સફળ થવા અથવા પસંદગી યાદી / કેન્દ્રીયકૃત પ્રતિક્ષા યાદીમાં સ્થાન મેળવવા માત્રથી જ નિમણૂક મેળવવા હકદાર બનશે નહી.

(૪) પસંદગી યાદી અને કેન્દ્રીયકૃત પ્રતિક્ષા યાદીનો સમયગાળો પ્રકાશિત કરેલી જગ્યાઓ ભરાઈ જાય ત્યાં સુધી અથવા તો પ્રકાશિત થયાથી ૦૧ વર્ષ, આ બન્નેમાંથી જે વહેલા હશે / થશે ત્યાં સુધી જ માન્ય રહેશે.

(૫) **કેન્દ્રીયકૃત પ્રતિક્ષા યાદી** કુલ પ્રકાશિત કરેલ જગ્યાઓની સંખ્યાના **૧૦ ટકા**થી વધે નહીં તેટલી સંખ્યા માટે તૈયાર કરવામાં આવશે તથા જો કોઈ ઉમેદવાર નિમણૂક માટે હાજર ન થાય અથવા જો કોઈ ઉમેદવારની ઉમેદવારી રદ થાય, ફક્ત તેવાં સંજોગોમાં જ તેનો અમલ કરવામાં આવશે.

(૬) પસંદગી યાદીમાં સ્થાન પ્રાપ્ત કરનારા ઉમેદવારની નિમણૂક ગુજરાત રાજ્યના કોઈપણ જીલ્લામાં કરવામાં આવશે અથવા તો ગુજરાત હાઈકોર્ટના પ્રવર્તમાન નિયમોને અને ધારા–ધોરણો આધિન કરવામાં આવશે.

**જીલ્લા ન્યાયાલયો, ઔદ્યોગિક ન્યાયાલયો અને મજૂર ન્યાયાલયોની જગ્યાઓ અંગે :**

(૭) જગ્યાઓ મેરીટના અનુસાર ભરવામાં આવશે, પ્રથમ જીલ્લા ન્યાયાલયોની જગ્યાઓ અને ત્યારબાદ ઔદ્યોગિક ન્યાયાલયો અને મજૂર ન્યાયાલયોની જગ્યાઓ ભરવામાં આવશે.

(૮) ઉમેદવાર દ્વારા કરવામાં આવેલ જીલ્લા પસંદગી, ફક્ત જીલ્લા અદાલતોની જગ્યાઓ માટે લાગુ પડશે, પરંતુ **ઔદ્યોગિક ન્યાયાલયો અને મજૂર ન્યાયાલયોની જગ્યાઓ માટે લાગુ પડશે નહિ.**

(૯) હાઈકોર્ટ સમિતિની ભલામણ/સૂચનાનુસાર, જે તે જિલ્લાના પ્રિન્સીપાલ જ્યુડીશીયલ ઓફિસર / ઔદ્યોગિક અદાલતના પ્રમુખશ્રી સાહેબ દ્વારા સબંધિત ઉમેદવારને **નિમણૂંકપત્ર** આપવામાં આવશે.

(૧૦) જો ઉમેદવાર આપવામાં આવેલ નિમણૂંક, નિયત શરતોને આધીન નિયત સમયમર્યાદામાં નિયમાનુસાર સ્વીકારવામાં નિષ્ફળ જશે, તો **ઉમેદવાર નિમણૂંકનો હક ગુમાવશે** અને ભવિષ્યમાં પણ પસંદગી યાદીને આધારે નિમણૂંક આપવા અંગેની વિચારણા કરવામાં આવશે નહીં અને હાઈકોર્ટ દ્વારા પસંદગી યાદી / કેન્દ્રીયકૃત પ્રતિક્ષાયાદી મુજબ અન્ય ઉમેદવારોને નિમણૂંક આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

## ૭. નિમણુંક માટેની અયોગ્યતાઃ

નીચે મુજબની વ્યકિત નિમણુંક માટે અયોગ્ય ગણાશેઃ

(૧) ભારતીય **નાગરિકત્વ** ધરાવતી ન હોય તે વ્યક્તિ,

(૨) સ્થાનિક કે વૈધાનિક/કાનુની સત્તામંડળ અથવા કોઈપણ હાઈકોર્ટ અથવા કેન્દ્રશાસિત પ્રદેશ કે કોઈપણ રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા **બરતરફ** કરવામાં આવેલ હોય તેવી કોઈપણ વ્યક્તિ,

(૩) એવી વ્યકિત કે જેને કોઈ ગુના માટે **ગુનેગાર સાબિત કે જાહેર** કરવામાં આવેલ હોય અથવા જેને નામદાર હાઈકોર્ટ કે કેન્દ્રીય જાહેર સેવા આયોગ (યુ.પી.એસ.સી) કે અન્ય ભરતી સત્તામંડળ કે પરીક્ષા આયોજીત કરતા કોઈપણ સત્તામંડળ દ્વારા પરીક્ષામાં બેસવા દેવામાંથી કે પસંદગી આપવામાંથી બાકાત રાખવામાં આવેલ હોય કે અયોગ્ય ઠરાવવામાં આવેલ હોય તેવી કોઈપણ વ્યક્તિ,

(૪) એવી કોઈપણ વ્યકિત કે જેણે ભરતી સત્તામંડળને પોતાની ઉમેદવારીના સંદર્ભમાં **પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભલામણ–લાગવગ** કરેલ હોય,

(૫) એવો કોઈપણ **પુરુષ ઉમેદવાર** કે જે **એક કરતા વધારે જીવિત પત્ની** ધરાવતો હોય અને એવી કોઈપણ **સ્ત્રી ઉમેદવાર** કે જેણે એવા **પુરુષ** સાથે લગ્ન કરેલ હોય કે જે **અન્ય પત્ની** ધરાવતો હોય,

(૬) ઉમેદવાર જે કોઈપણ પરીક્ષા / ટેસ્ટ દરમિયાન કોઈપણ પ્રકારના યાંત્રિક ઉપકરણ કે પરીક્ષાલક્ષી અન્ય સાહિત્ય સામગ્રી સાથે પકડાયેલ હોય કે પરીક્ષામાં ગેરરીતી આચરેલ હોય.

(૭) આ ઉપરાંત, તમામ ઉમેદવારોને **Information Bulletin** માં દર્શાવેલ શરતો–ધારાધોરણો લાગુ પડશે, જેની નોંધ લેવી.

## ૮. અરજી કરવાની રીતઃ

(૧) ઓનલાઈન અરજી કરતા પહેલા ઉમેદવારે આ જાહેરાત સંપૂર્ણ અને વિગતવાર વાંચી, સમજી ઉપર દર્શાવ્યા મુજબની યોગ્યતા ધરાવે છે કે કેમ? તેની ચકાચણી કરી લેવા સલાહસૂચન આપવામાં આવે છે. ઉમેદવાર દ્વારા ઓનલાઈન અરજીમાં ભરેલ વિગતો સંપૂર્ણ સાચી હોવી જોઈએ.

જો કોઈ ઉમેદવાર નિયત થયેલ યોગ્યતા અને ધોરણો પરિપૂર્ણ કરતો નહીં હોય અથવા કોઈ ઉમેદવારે પોતાની સામે થયેલ ફોજદારી/દીવાની ફરીયાદ સબંધિત મહત્વની વિગતો પૂરતી આપેલ નહીં હોય અથવા ગુંચવણભરી આપેલ હશે અથવા છુપાવેલ હશે, તો તેવા કિસ્સામાં તે ઉમેદવારની ઉમેદવારી જે તે તબકકે રદ કરવામાં આવશે. જો નિમણૂક પછી પણ આ પ્રકારની ખામી/ત્રૂટીઓ ધ્યાન પર આવશે, તો તેની/ તેણીની સેવાઓનો અંત તાત્કાલિક અસરથી લાવવામાં આવશે, તેમજ તેની સામે યોગ્ય પગલા ભરવામાં આવશે.

(૨) ઉમેદવારે ઓનલાઈન અરજીમાં પોતાની પાસે જ રહેનાર કાર્યરત/એકિટવ મોબાઈલ નંબર અને ઈમેલ એડ્રેસ દર્શાવવાના/આપવાના રહેશે. જરૂર જણાયે ઓનલાઈન અરજીમાં દર્શાવવામાં આવેલ રજીસ્ટર્ડ મોબાઈલ નંબર ઉપર SMS/Email દ્વારા પરીક્ષા સબંધિત તેમજ અન્ય સૂચનાઓ ઉમેદવારને મોકલવામાં આવશે. આથી તે મોબાઈલ નંબર / ઈમેલ એડ્રેસ ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી કાર્યરત/એકિટવ રાખવાનો રહેશે, જે દરેક ઉમેદવાર માટે સલાહભર્યું તેમજ હિતાવહ છે.

(૩) ઓનલાઈન અરજી કરતા પહેલા ઉમેદવારે પોતાના પાસપોર્ટ ફોટો અને સહી નીચે જણાવ્યા મુજબ સ્કેન કરવાના રહેશે.

ઉમેદવારના પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફમાં અન્ય કોઈ વ્યકિત કે વસ્તુ હોવા જોઈએ નહીં તેમજ ફોટો ખુલ્લી આંખો વાળો, સંપૂર્ણ ચહેરો, ગળુ અને ખભા સામેથી દેખાય તે રીતે લીધેલ હોવા જોઈએ. સફેદ બેકગ્રાઉન્ડવાળો કલર ફોટો પાસપોર્ટ સાઈઝનો અને jpg ફોર્મેટમાં હોવો જોઈએ. એપ્લિકેશન પોર્ટલ પર આપેલ સુચનાઓ મુજબ ડોકયુમેન્ટ અપલોડ કરવાના રહેશે.

(૪) **ઓનલાઈન અરજી કરવાના સ્ટેપ :**

(ક) HC-OJAS પોર્ટલ પર આપેલ લિન્ક માં APPLY NOW પર કલીક કરી, ઓનલાઈન એપ્લિકેશન ફોર્મ ભરવુ.

(ખ) જાહેરાતનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરવો.

(ગ) ઓનલાઈન અરજી કરતા પહેલા આ પોર્ટલ પર ઉમેદવારે ફરજીયાત રજીસ્ટ્રેશન કરવું. ઉમેદવારે રજીસ્ટ્રેશન કરવા માટે પોતાની પ્રાથમિક માહિતી, કાર્યરત/એકિટવ મોબાઈલ નંબર અને ઈમેલ એડ્રેસ દર્શાવવાના રહેશે. મોબાઈલ નંબર/ઈમેલ એડ્રેસને O.T.P. મારફતે ચકાસણી કરવામાં આવશે.

(ઘ) સફળતાપૂર્વક રજીસ્ટ્રેશન થયા બાદ ઉમેદવારના ઈમેલ ઉપર એક રજીસ્ટ્રેશન /એપ્લિકેશન નંબર મોકલવામાં આવશે.

(ચ) રજીસ્ટ્રેશન થયા બાદ ઉમેદવારે ઈમેલમાં મેળવેલ રજીસ્ટ્રેશન/એપ્લિકેશન નંબર તથા રજીસ્ટ્રેશન વખતે બનાવેલ પાસવર્ડની મદદથી પોર્ટલ પર લોગીન કરવાનું રહેશે.

(છ) ઉમેદવારે કરેલ 'ઓનલાઈન એપ્લિકેશન' ફકત ત્યારે જ માન્ય ગણાશે કે જયારે ઉમેદવારે જરૂરી ફી સફળતાપૂર્વક ભરેલ હશે.

વધુ માહિતી માટે HC-OJAS પોર્ટલ પર આપેલ HOW TO APPLY પર કલીક કરવું.

(જ) ઉપર જણાવેલ રીત મુજબ જ ઉમેદવારે ઓનલાઈન અરજી કરવાની રહેશે તથા અન્ય કોઈપણ રીતે/ માધ્યમથી કરેલ કોઈપણ અરજી તથા અધૂરી અરજીઓને ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(ઝ) ઉમેદવારે કોઈપણ સંજોગોમાં એકથી વધારે ઓનલાઈન અરજી કરવી નહીં.

(ટ) તદ્ઉપરાંત, દરેક ઉમેદવારે **Information Bulletin** માં દર્શાવેલ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

## ૯. સામાન્ય સૂચનાઓઃ

(૧) ઉમેદવારે ભરતી સંબંધીત નવિનતમ/અદ્યતન માહિતી માટે હાઈકોર્ટની ઉપરોક્ત વેબસાઈટ્સ તથા પોતાની ઓનલાઈન અરજીમાં દર્શાવેલ રજીસ્ટર્ડ મોબાઈલ નંબરમાં SMS સમયાંતરે ચેક કરતાં રહેવું.

(૨) ઉપલી વયમર્યાદા / ફી માં છૂટછાટ અથવા અનામત જગ્યા માટે અનામત વર્ગના ઉમેદવારો એટલે કે **SC / ST / SEBC / EWS / DA / Ex–Servicemen** ઉમેદવારોને લાગુ પડતા પ્રમાણપત્રો હાઈકોર્ટ મંગાવે ત્યારે 'ડોક્યુમેન્ટ વેરીફિકેશન' સમયે રજુ કરવાના રહેશે. ઉમેદવારની યોગ્યતા નક્કી કરવાના અંતિમ નિર્ણયની સત્તા હાઈકોર્ટને રહેશે.

SEBC / EWS ઉમેદવારોના કિસ્સામાં, ઓનલાઈન એપ્લાય કરતી વખતે, માન્ય નોન–ક્રિમિલેયર અથવા EWS સર્ટિફિકેટ ધરાવતાં હોવાં જોઈએ, અને જ્યારે પણ હાઈકોર્ટ દ્વારા તે રજૂ કરવાનું જણાવવામાં આવે, ત્યારે ઉમેદવારે અસલ (ઓરિજિનલ) (તેની ઓનલાઈન અરજીમાં દર્શાવેલ) સર્ટિફિકેટ રજૂ કરવું પડશે. આ અંગેનો આખરી નિર્ણય લેવાનો અધિકાર હાઈકોર્ટ પાસે રહેશે અને તે તમામ ઉમેદવારને બંધનકર્તા રહેશે.

(૩) પસંદગી પામેલ ઉમેદવારે ફરજીયાતપણે હાઈકોર્ટે નક્કી કરેલ ધારા–ધોરણ મુજબ મેડીકલ ઓથોરિટી પાસે મેડીકલ ટેસ્ટ પાસ કરવો પડશે. જ્યાં સુધી હાઈકોર્ટ દ્વારા નક્કી કરેલ તબીબી સત્તાધિકારી (મેડીકલ ઓથોરિટી) દ્વારા ઉમેદવારની યોગ્યતા પ્રમાણિત કરવામાં ન આવે ત્યાં સુધી પસંદગી પામેલ ઉમેદવારને નિમણુંક અથવા નિમણુંક પામેલ ઉમેદવારને લાંબા ગાળાની સેવાઓ માટે યોગ્ય ગણવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

(૪) જે ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરી હશે અને નિયત ફી ભરી હશે તે ઉમેદવારોને જ હેતુલક્ષી પરીક્ષા માટે યોગ્ય ગણવામાં આવશે.

(૫) ઉમેદવારની યોગ્યતા અથવા કોઈપણ પરીક્ષામાં બેસવા / આપવા દેવા માટે હાઈકોર્ટનો નિર્ણય આખરી ગણાશે. જે ઉમેદવારોને હાઈકોર્ટ સત્તામંડળ દ્વારા 'પ્રવેશપત્ર / કોલલેટર' ઈસ્યુ કરવામાં ન આવે તેમને પરીક્ષામાં બેસવા / આપવા દેવામાં આવશે નહીં.

(૬) હાઈકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવે તે સ્થળે અને સમયે, જે તે પરીક્ષામાં હાજર રહેવા, ઉમેદવારે **સ્વખર્ચે** આવવા–જવાનુ રહેશે.

(૭) ઉમેદવારે **https://hc–ojas.gujarat.gov.in** વેબસાઈટ પરથી અથવા હાઈકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલ અન્ય માધ્યમ દ્વારા પરીક્ષા/ટેસ્ટ માટેનો પ્રવેશપત્ર / કોલલેટર, ડાઉનલોડ કરી તેની પ્રિન્ટ પોતાની પાસે રાખવાની રહેશે તેમજ પરીક્ષા ટેસ્ટ સમયે રજૂ કરવાનો રહેશે.

**નોંધઃ** જે તે પરીક્ષાનો પ્રવેશપત્ર / કોલલેટર જે તે પરીક્ષાની તારીખ સુધી જ ડાઉનલોડ કરી શકાશે, જેની ખાસ નોંધ લેવી.

(૮) યોગ્ય ઉમેદવારોની યાદી હાઈકોર્ટ વેબસાઈટ ઉપર જે તે સમયે મૂકવામાં આવશે.

(૯) ઉમેદવારે જે તે પરીક્ષા વખતે **પ્રવેશપત્ર / કોલલેટર અને નીચે આપેલ પૈકી કોઈપણ એક ઓરીજનલ ઓળખકાર્ડ** લઈને આવવાનુ રહેશે.

**(આધારકાર્ડ/ઈ–આધાર, ચૂંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાઈસન્સ, પાસપોર્ટ, પાનકાર્ડ, ફોટોગ્રાફ સાથેની બેન્ક પાસબુક, સરકારી કર્મચારીના કિસ્સામાં ખાતાના વડા તરફથી ઈસ્યુ કરેલ માન્ય(valid) કરવામાં આવેલ ઓળખકાર્ડ)**

**કોઈપણ ઉમેદવારને ઉપરોક્ત ઓરીજનલ ઓળખકાર્ડ રજૂ કર્યા સિવાય પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહિ.**

(૧૦) દરેક ઉમેદવાર માટે **મોબાઈલ / સેલફોન / સ્માર્ટ ફોન, સ્માર્ટ વોચ, ટેબ્લેટ્સ, લેપટોપ, મોટી બેગ્સ, યાંત્રિક ઉપકરણો, સ્ટોરેજ ડિવાઈસીસ કે અન્ય કોઈપણ અનઅધિકૃત મટીરીયલ્સ** સાથે લઈ પરીક્ષા કેન્દ્રના કેમ્પસમાં પ્રવેશ કરવાની સખ્ત મનાઈ ફરમાવામાં આવે છે.

(૧૧) જો કોઈ ઉમેદવાર પરીક્ષાના સમયગાળા દરમિયાન કોઈ **ગેરવાજબી પ્રવૃત્તિ** જેવી કે **ચોરી કરવી કે ગેરવર્તન કરવુ અથવા ઉપર જણાવેલ યાંત્રિક ઉપકરણો તેમજ મોબાઈલ વગેરેનો ઉપયોગ કરવો, પ્રશ્નપત્ર/ઉત્તરવહી સાથે ચેડાં કરવા અથવા જે તે પરીક્ષા સાથે સબંધિત હોય તેવી કોઈપણ વ્યક્તિની મદદ લેવી અથવા અન્ય કોઈ અનધિકૃત પ્રવૃત્તિ** કરતા જણાશે, તો તેવાં ઉમેદવારને જે તે તબક્કે જ અથવા ચોક્કસ વર્ષ માટે અથવા કાયમી ધોરણે જે પૈકી હાઈકોર્ટ દ્વારા જે નક્કી કરવામાં આવે તે મુજબ ગેરલાયક ઠરાવવામાં આવશે.

**<u>નોંધઃ</u> હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં કોઈપણ ઉમેદવારે પોતાના કે અન્યના પ્રશ્નપત્રમાં જવાબ દર્શાવતી કોઈપણ પ્રકારની નિશાની કરવી નહીં.**

(૧૨) ઉમેદવાર પરીક્ષામાં **સફળ થવા માત્રથી જ નિમણૂંક મેળવવા હકદાર બનશે નહીં.**

(૧૩) પરીક્ષાનું પરીણામ હાઈકોર્ટની વેબસાઈટ તથા ઓજસ પોર્ટલ પર મુકવામાં આવશે.

(૧૪) જો ઉમેદવાર સામે કોઈપણ FIR/ફોજદારી કેસ/ફરિયાદ દાખલ કરવામાં આવી હશે, તો આવા ઉમેદવારની ઉમેદવારી અંગે ગુજરાત હાઈકોર્ટનો નિર્ણય અંતિમ અને તે આવા ઉમેદવારને બંધનકર્તા રહેશે.

(૧૫) તબીબી કટોકટીના કિસ્સામાં, જો કોઈ ઉમેદવાર લહિયા (scribe) ની સુવિધા પ્રાપ્ત કરવા માંગે છે, તો તેણે/તેણીએ અગાઉથી એટલે કે પરિક્ષાની તારીખના એક અઠવાડિયા પહેલા લેખિતમાં અરજી કરવી પડશે જોઈએ અને તેના માટે જરૂરી ફી પણ ચૂકવવી પડશે. લહિયો (scribe) ફક્ત હાઈકોર્ટ દ્વારા જ આપવામાં આવશે. વધુમાં, ઉમેદવારે તેની આ અંગેની અરજીનાં સમર્થનમાં જરૂરી તબીબી પ્રમાણપત્રો રજૂ કરવા પડશે.

(૧૬) ઉમેદવારોની જે તે યાદી(લીસ્ટ) માટે યોગ્ય પદ્ધતિ અપનાવવાની હાઈકોર્ટને આખરી સત્તા રહેશે.

(૧૭) જ્યારે હોઈકોર્ટ દ્વારા પ્રમાણપત્ર ચકાસણી / ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવામાં આવે ત્યારે નિયત કરેલ જગ્યાએ ઉમેદવારની સહી દર્શાવતી **ઓનલાઈન અરજીની પ્રિન્ટઆઉટ** અને ફી ભર્યા અંગેની જરૂરી 'e-receipt/ ફી ભર્યા અંગેનો પુરાવો' ની કોપી સાથે નીચે જણાવ્યા મુજબના **જરૂરી અસલ પ્રમાણપત્રો** તથા **તે પ્રમાણપત્રોની** પ્રમાણિત કરેલ નકલોનો એક સેટ, નીચે મુજબ ક્રમમાં ગોઠવી ઉપસ્થિત થવાનુ રહેશે.

(ક) તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો.

(ખ) **શાળા છોડ્યા અંગેનુ પ્રમાણપત્ર** અથવા જન્મ અને મરણ નોંધણી અધિનિયમ હેઠળ ઈસ્યુ કરવામાં આવેલ **જન્મ અંગેનુ પ્રમાણપત્ર,**

(ગ) જરૂરી ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત (ફકરા નં.૩(ક)માં જણાવ્યા મુજબ) અંગેનુ માન્ય બોર્ડ તરફથી આપવામાં આવેલ **ગુણપત્રક / પ્રમાણપત્ર.** આ ઉપરાંત વધારાની લાયકાત ધરાવતાં હોય તો તે અંગેના નિર્ણાયક વર્ષ / છેલ્લા વર્ષના ગુણપત્રક (માર્કશીટ) / **પ્રમાણપત્રો** ક્રમમાં ગોઠવવા.

(ઘ) ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩-૦૮-૨૦૦૮ ના ઠરાવ મુજબ **કોમ્પ્યુટર જ્ઞાન** ધરાવતાં હોવા અંગેનુ પ્રમાણપત્ર,

(ચ) જો અનુભવ ધરાવતા હોય / તાલીમ મેળવેલ હોય તો તે અંગેનાં પ્રમાણપત્રો,

(છ) અનુસૂચિત જાતિ (SC) / અનુસૂચિત જનજાતિ (ST) / સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC)નાં ઉમેદવારોના કિસ્સામાં **જાતિ અંગેનુ પ્રમાણપત્ર** (કાસ્ટ સર્ટીફિકેટ).

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC)નાં ઉમેદવારોના કિસ્સામાં ગુજરાત રાજ્યના સક્ષમ સત્તામંડળ દ્ધાર ઈસ્યુ કરવામાં આવેલ **ચાલુ નાણાંકીય વર્ષ માટે માન્ય નોન–ક્રિમીલેયર સર્ટીફિકેટ.**

**આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ના ઉમેદવારના કિસ્સામાં ગુજરાત રાજ્યના સક્ષમ સત્તામંડળ દ્ધારા ઈસ્યુ કરવામાં આવેલ પાત્રતા પ્રમાણપત્ર રજૂ કરવું પડશે.** જે પ્રમાણપત્રની માન્યતા ગુજરાત રાજ્ય સરકાર દ્ધારા નિર્ધારિત જોગવાઈઓ મુજબની હોવી જોઈએ.

(જ) **ડિફ્રન્ટલી એબલ્ડ** (ફક્ત ઓર્થોપેડીકલી)(DA) **વ્યકિતના કિસ્સામાં (અ)** લોકોમોટોર ડીસએબીલીટી ૪૦% થી ઓછી નહી હોવા અંગેનું સક્ષમ સત્તામંડળ દ્ધારા ઈસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર **(બ)** ફરજ બજાવવા માટે સક્ષમ હોવા અંગેનો અભિપ્રાય આપતું સ્ટેન્ડીંગ મેડીકલ બોર્ડ, અમદાવાદ દ્ધારા ઈસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર.

(ઝ) જો ઉમેદવાર સામે કોઈ ફોજદારી કે અન્ય કોઈ કેસ દાખલ કરવામાં આવેલ હોય, તો તે અંગેના જરૂરી એવા તમામ અધિકૃત દસ્તાવેજો જેવા કે **એફ.આઈ.આર. / ચાર્જશીટ / જજમેન્ટ વિગેરેની પ્રમાણિત નકલો** રજૂ કરવી. (જો ઉમેદવાર સામે કોઈ કેસ થયેલ હશે અને ઉમેદવાર જાહેર નહીં કરે, તો જ્યારે પણ ધ્યાન ઉપર આવશે ત્યારે ઉમેદવારની **ઉમેદવારી/નિમણૂક રદ કરી કાયદેસરની સખ્ત કાર્યવાહી હાથ ધરવામાં આવશે,** જેની દરેક ઉમેદવારે નોંધ લેવી.)

(ટ) **માજી સૈનિક** (Ex–Servicemen) ઉમેદવારના કિસ્સામાં **ઓળખકાર્ડ, ડિસ્ચાર્જબુક** તેમજ સબંધિત તમામ **પ્રમાણપત્રો / દસ્તાવેજો,**

(ઠ) રાજ્ય / કેન્દ્ધ સરકારના ખાતામાં કામ કરતા કર્મચારીના કિસ્સામાં '**ના–વાંધા પ્રમાણપત્ર (No Objection Certificate)**',

(ડ) જો નામ કે અટકમાં **ફેરફાર** કરાવેલ હોય તો, તે અંગેના સરકારી રાજપત્ર (ગેઝેટ) ની નકલ,

(ઢ) ડોક્ટર, એન્જીનીયર, એમ.એલ.એ. / એમ.પી, રાજપત્રિત અધિકારી (ગેઝેટેડ ઓફિસર) વિગેરે જેવા પ્રતિષ્ઠિત વ્યક્તિ દ્ધારા આપવામાં આવેલ **ચારિત્ર્ય** અંગેના **બે ઓરીજીનલ પ્રમાણપત્રો (છેલ્લા છ મહીનામાં આપવામાં આવેલ હોવા જોઈએ)** અને પ્રમાણપત્ર આપનાર ઉમેદવારના સગપણમાં ન હોવા જોઈએ.

(ણ) સૂચના ક્રમાંક – ૯(૯) માં જણાવેલ પૈકીનામાંથી **કોઈપણ એક ઓરીજીનલ ઓળખપત્ર અને તેની નકલ.**

(૧૮) કોઈના નામનો ઉલ્લેખ કરીને કે અન્ય કોઈ રીતે નિમણૂંક કે પરીણામ સબંધે કરવામાં આવતી કોઈપણ પ્રકારની **લોભામણી જાહેરાતો / પ્રલોભનો / રજુઆતો** ધ્યાને લેવી નહીં.

(૧૯) ઉમેદવાર કોઈપણ રીતે **ભલામણ–લાગવગ** કરવાનો કે કરાવવાનો પ્રયાસ કરશે તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે, જેની ખાસ નોંધ લેવી.

(૨૦) તદ્ઉપરાંત, દરેક ઉમેદવારે **Information Bulletin** માં દર્શાવેલ સૂચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

**૧૦. આર.ટી.આઇ. એક્ટ હેઠળ અરજીઃ**

સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈપણ પ્રકારની માહિતી માગતી આર.ટી.આઇ. એક્ટ હેઠળની કોઈપણ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.

**૧૧. આ ભરતી સબંધિત કોઈપણ બાબતે નામદાર હોઈકોર્ટનો નિર્ણય આખરી અને તમામ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.**

**હાઇકોર્ટ ઓફ ગુજરાત,**
**સોલા, અમદાવાદ – ૩૮૦૦૬૦**
**તારીખ: ૨૨/૦૫/ ૨૦૨૪**

**સહિ/-**
**રજીસ્ટ્રાર (રીક્રુટમેન્ટ)**

Annexure: 'A'
High Court of Gujarat, Sola, Ahmedabad
RC/B/1434/2022 (Bailiff)

**Statement showing category-wise vacancies for the post of Process Server / Bailiff on the establishment of the Subordinate Courts, in the State of Gujarat.**

(As on 22/03/2024)

(3rd Centralized Recruitment Process)

| | Name of the Establishment | Total Vacancy | Category -wise bifurcation of Total Vacancy | | | | | Posts reserved for women out of Category wise vacancy | | | | | Out of total vacancy Reservation for | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | Gen | SC | ST | SEBC | EWSs | Gen | SC | ST | SEBC | EWSs | Differently Abled Persons | Ex-Service man |
| 1 | Metropolitan Magistrate Court, Ahmedabad | 12 | 5 | 1 | 2 | 3 | 1 | 2 | 0 | 1 | 1 | 0 | 1 | 0 |
| 2 | District Court, Ahmedabad | 6 | 1 | 1 | 1 | 2 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 1 |
| 3 | City Civil Court, Ahmedabad | 6 | 2 | 0 | 1 | 2 | 1 | 1 | 0 | 0 | 1 | 0 | 0 | 1 |
| 4 | Family Court, Amreli | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 5 | District Court, Anand | 6 | 3 | 1 | 0 | 2 | 0 | 1 | 0 | 0 | 1 | 0 | 0 | 1 |
| 6 | District Court, Aravalli | 4 | 2 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 7 | Family Court,Aravalli | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 8 | District Court, Banaskantha | 5 | 2 | 0 | 1 | 1 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 1 |
| 9 | Family Court,Banaskantha | 2 | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 10 | District Court,Bharuch | 7 | 3 | 0 | 1 | 2 | 1 | 1 | 0 | 0 | 1 | 0 | 0 | 1 |
| 11 | Family Court,Bharuch | 2 | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 12 | District Court,Bhavnagar | 3 | 2 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 13 | District Court,Botad | 4 | 3 | 0 | 0 | 1 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 14 | District Court,Chhota Udepur | 6 | 2 | 1 | 0 | 2 | 1 | 1 | 0 | 0 | 1 | 0 | 0 | 0 |
| 15 | District Court,Dahod | 7 | 3 | 0 | 1 | 2 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 1 |
| 16 | District Court,Devbhumi Dwarka | 2 | 2 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 17 | Family Court,Devbhumi Dwarka | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 18 | District Court,Gandhinagar | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 19 | Family Court,Gandhinagar | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 20 | District Court,Gir Somnath | 7 | 3 | 1 | 0 | 2 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 1 | 1 |
| 21 | District Court,Jamnagar | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 22 | Family Court,Junagadh | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 23 | District Court,Kheda | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 24 | Family Court,Kheda | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 25 | District Court,Kachchh | 17 | 6 | 1 | 3 | 5 | 2 | 2 | 0 | 1 | 2 | 0 | 0 | 1 |
| 26 | Family Court,Kachchh | 2 | 2 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 27 | District Court,Mahisagar | 2 | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 28 | District Court,Mehsana | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 29 | Family Court,Mahesana | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 30 | District Court,Morbi | 2 | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 1 | 0 |
| 31 | Family Court,Morbi | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 32 | District Court,Narmada | 5 | 1 | 0 | 2 | 2 | 0 | 0 | 0 | 1 | 1 | 0 | 0 | 0 |
| 33 | District Court,Navsari | 3 | 2 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 34 | Family Court,Navsari | 2 | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 35 | District Court,Panchmahals | 6 | 5 | 0 | 0 | 0 | 1 | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 36 | District Court,Patan | 2 | 1 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |

Annexure: 'A'
High Court of Gujarat, Sola, Ahmedabad
RC/B/1434/2022 (Bailiff)

Statement showing category-wise vacancies for the post of Process Server / Bailiff on the establishment of the Subordinate Courts, in the State of Gujarat.

(As on 22/03/2024)

(3rd Centralized Recruitment Process)

| | Name of the Establishment | Total Vacancy | Category -wise bifurcation of Total Vacancy | | | | | Posts reserved for women out of Category wise vacancy | | | | | Out of total vacancy Reservation for | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | Gen | SC | ST | SEBC | EWSs | Gen | SC | ST | SEBC | EWSs | Differently Abled Persons | Ex-Service man |
| 37 | Family Court,Patan | 2 | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 38 | District Court,Porbandar | 2 | 1 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 39 | Family Court,Porbandar | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 40 | District Court,Rajkot | 4 | 3 | 0 | 0 | 1 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 41 | Family Court,Rajkot | 2 | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 42 | District Court,Sabarkantha | 7 | 5 | 0 | 1 | 1 | 0 | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 1 |
| 43 | Family Court,Sabarkantha | 2 | 2 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 44 | District Court,Surat | 16 | 8 | 1 | 2 | 4 | 1 | 3 | 0 | 1 | 1 | 0 | 2 | 2 |
| 45 | District Court,Surendranagar | 2 | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 46 | Family Court,Surendranagar | 2 | 2 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 47 | District Court,Tapi | 7 | 5 | 0 | 1 | 1 | 0 | 2 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 48 | District Court,Vadodara | 11 | 4 | 1 | 2 | 3 | 1 | 1 | 0 | 1 | 1 | 0 | 0 | 1 |
| 49 | Family Court,Vadodara | 3 | 3 | 0 | 0 | 0 | 0 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| 50 | District Court,Valsad | 5 | 2 | 1 | 1 | 0 | 1 | 1 | 0 | 0 | 0 | 0 | 0 | 1 |
| | TOTAL:- | 198 | 114 | 10 | 20 | 39 | 15 | 29 | 0 | 5 | 10 | 0 | 5 | 13 |